બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# બાળગીતો





સંકલન

## દિનેશકુમાર પી. પરમાર



Scanned by CamScanner

# ભોમિયા વિના મારે

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

-ઉમાશંકર જોશી

Scanned by CamScanner

# હું તો પૂછું કે...

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગરંગવાળી
આ ટીલડી કોણે જડી?
વળી પૂછું કે મીંદડીની માંજરી-શી આંખમાં
ચકમકતી કીકીઓ કોણે મઢી?

હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પોં'ચે
ત્યાં કૂંપળો કોણે કરી?
વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધ કેરી ધોળી
મીઠી ધાર કોણે ભરી?

હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોસીની
ઝૂંપડી કોણે મઢી?
વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી
ભમરડી કોણે કરી?

હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી
આંખ મારી કોણે કરી?
વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ
આભલાની ચૂંદડી કોણે કરી?

-સુન્દરમ્

Scanned by CamScanner

# આષાઢી સાંજના

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગાજે!

માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે

ગરવા ગોવાળિયાના પાવા વાગે
પાવા વાગે, સૂતી ગોપી જાગે

વીરાની વાડીઓમાં અમૃત રેલે
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે

ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગાજે!

-ઝવેરચંદ મેઘાણી

Scanned by CamScanner

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા

હા હા હા હો હો હો હા હા હા પતંગિયા

બાળકો બાગમાં રમવાને આવતા

દોડાવી દોડાવી થકવી એ નાખતા

મન મારું મોહી લેતા રે પતંગિયા

રંગીલા રંગીલા રંગીલા

ફૂલડે ફૂલડે આમતેમ દોડતા

આકાશે ઉડતાને હાથમાં ન આવતા

મન મારું મોહી લેતા રે પતંગિયા

રંગીલા રંગીલા રંગીલા

Scanned by CamScanner

બટુકભાઈ કેવડા હતા રે (૨)

બટુકભાઈ આવડા હતા રે (૨)

બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા

બટુકભાઈ ઘટર ઘટર,

બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા ... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા

બટુકભાઈ ભચડ ભચડ,

બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા

બટુકભાઈ આમ કરી,

બટુકભાઈ આમ કરી કચરો કાઢતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કપડાં ધોતા'તા

બટુકભાઈ આમ કરી,

બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા... બટુકભાઈ

Scanned by CamScanner

બા પેલા બાગમાં દોડી દોડી જાઉં (૨)
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં
બા પેલા બાગમાં
આંબાની ડાળે ટહુકે કોયલડી (૨)
કોયલની સાથી ગાઉં ગાઉં ગાઉં
બા પેલા બાગમાં
વડલાની ડાળે બાંધ્યો છે હિંચકો (૨)
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં
બા પેલા બાગમાં
છોડવે છોડવે ઊડે પતંગિયા (૨)
હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં
બા પેલા બાગમાં
હરિયાળી બાગમાં નાચે છે મોરલો (૨)
મોરલો બોલે મેં આઉં આઉં આઉં
બા પેલા બાગમાં

Scanned by CamScanner

ઢિંગલી તારા માંડવા રોપ્યા , ઢોલ વાગે ઢમઢમ
લાલિયો મહરાજ લાડવા વાળે, શાક કરે છમછમ
ઢિંગલી તારા માંડવા
ચાખવા મીનીબેન બેઠા'તા , જીભલડી ચમચમ
પમલો પેલો વાંદરો ફૂંકે, પિપૂડાં પમપમ
ઢિંગલી તારા માંડવા
જૂનાગઢથી જાન આવી છે, જાનડીઓ ઝૂમઝૂમ
દોડતાં પેહેલાં વેલડાં આવે, ઢોલ વાગે ઢમઢમ
ઢિંગલી તારા માંડવા
ઢિંગલીબાઈના પગમાં ઝાંઝર , ઘૂઘરીઓ ધમધમ
નાકમાં એને નથણી સોહે , કેવી રે ચમચમ
ઢિંગલી તારા માંડવા
ઢિંગલીબાઈ તો સાસરે જાશે, આંસુડાં ટમટમ
લાગશે કેવા ઘરને શેર, સુના રે સમસમ
ઢિંગલી તારા માંડવા

Scanned by CamScanner

મમ્મા ઢીંગલ ઢીંગલ ઢીંગલ ,

પપ્પા ઢીંગલ ઢીંગલ ઢીંગલ

હું તો ઢીં... ગ... લી....(૨)

કપડાં ધો ધો કરું , મારા હાથ દુ:ખી જાય (૨) મમ્મા

ઢીંગલ

પોતું કર કર કરું, મારી કમર દુ:ખી જાય (૨)

મમ્મા ઢીંગલ

કચરો વાળ વાળ કરું, મારા હાથ દુ:ખી જાય (૨) મમ્મા

ઢીંગલ

ચૂલો ફૂંક ફૂંક કરું, મારી આંખો દુ:ખી જાય (૨) મમ્મા

ઢીંગલ

Scanned by CamScanner

ઘોડાગાડી રીક્ષા , રીક્ષામાં બેઠા બાળકો

ઓ વ્હાલા બાળકો , તમે નિશાળ વહેલા આવજો

નિશાળ તો દૂર છે ભણવાની જરૂર છે

એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે

ઓ વ્હાલા

એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે

ઓ વ્હાલા

બગડો તો આવડે છે પણ તગડાની જરૂર છે

ઓ વ્હાલા

તગડો તો આવડે છે પણ ચોગડાની જરૂર છે

ઓ વ્હાલા

ચોગડો તો આવડે છે પણ પાંચડાની જરૂર છે

ઓ વ્હાલા

પાંચડો તો આવડે છે પણ છગડાની જરૂર છે

ઓ વ્હાલા

છગડો તો આવડે છે પણ સાતડાની જરૂર છે

ઓ વ્હાલા

સાતડો તો આવડે છે પણ આઠડાની જરૂર છે

ઓ વ્હાલા

આઠડો તો આવડે છે પણ નવડાની જરૂર છે

ઓ વ્હાલા

નવડો તો આવડે છે પણ દસડાની જરૂર છે

ઓ વ્હાલા

Scanned by CamScanner

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)

ઘાસ એ ખાય છે ને તાજો માજો થાય છે (૨)

દોડાવું તો દોડે છે ને થોભાવું તો થોભે છે (૨)

એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો

ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)

રંગે એ કાળો છે પણ દિલનો બહુ રૂપાળો છે (૨)

ચાબૂકનું શું કામ છે ને ચેતક એનું નામ છે (૨)

તડબડ તડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો

ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)

Scanned by CamScanner

ચકીબેન ચકીબેન

મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ

બેસવાને ખાટલો , સુવાને પાટલો

ઓઢવાને પીંછાં આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન

પહેરવાને સાડી, મોરપીંછાંવાળી

ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન

ચક ચક અવાજે ચીં ચીં કરજે

ચણવાને દાણા આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન

બા નહિ લડશે, બાપુ નહિ લડશે

નાનો બાબો તને ઝાલશે નહિ, ઝાલશે નહિ

ચકીબેન ચકીબેન

Scanned by CamScanner

પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગા વગરના

પેલા દરજીડાને સુગરીબાઈના કેવા મજાના

પેલા ચકલીબાઈ એ

ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂ ના રેસાના

કાબર કબૂતરને ઘૂવડ વળી કાગડા કોયલના

પેલા ચકલીબાઈ એ

પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના

સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના

પેલા ચકલીબાઈ એ

કીડી મકોડીએ દરના કર્યા નગર મજાના

પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના

પેલા ચકલીબાઈ એ

Scanned by CamScanner

મારા બારણાને ટોડલે ચકલી રમે, એની ઝીણી ઝીણી આંખ,

એની નાની નાની પાંખ, એ તો રમતી ને ઊડતી સૌને ગમે.

મારા ફળિયાને લીમડે પોપટ રમે, એની ગોળ ગોળ આંખ,

એની લીલી લીલી પાંખ, એ તો બોલતો ને ઊડતો સૌને ગમે.

મારા ઘરને તે આંગણે વાછરું રમે, એના સુંવાળા વાળ,

એની થનગનતી ચાલ, એ તો નાચતું ને કૂદતું સૌને ગમે.

મારી નાનકડી બેન મારા ઘરમાં રમે, એની કાલી કાલી બોલી,

એની આંખ ભોળી ભોળી, એ તો રમતી ને હસતી સૌને ગમે.

સૌને ગમે, સૌને ગમે, ઘર મારું નાનું સૌને ગમે !

Scanned by CamScanner

નાની મારી આંખ એ જોતી કાંક કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાના મારા કાન એ સાંભળે દઈને ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાનું મોઢું મારું એ બોલે સારું સારું
એ તો કેવી અજબ જેવી વાત છે...

આંગળી મારી લપટી એથી વગાડું ચપટી
એ તો કેવી અજબ જેવી વાત છે...

નાના મારા હાથ એ તાળી પાડે સાથ
એ તો કેવી અજબ જેવી વાત છે...

પગ મારા નાના એ ચાલે છાનામાના
એ તો કેવી અજબ જેવી વાત છે...

એ તો કેવી અજબ જેવી વાત છે...
એ તો કેવી અજબ જેવી વાત છે...

Scanned by CamScanner

નાનાં અમથાં આજ ભલે ને, કાલે મોટા થાશું;
અમે તો ગીત ગુલાબી, ગાશું !

કળી-કળીનાં ફૂલ થાય ને બુંદ-બુંદનો દરિયો !
નાની અમથી વીજ ચમકતી આભે થઈ ચાંદલિયો;
મસ્ત થઈને અજાણ પંથે અમે એકલાં જાશું :
અમે તો ગીત ગુલાબી ગાશું !

નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;
એવા મોટા થઈશું કે નહિ જડે અમારો જોટો !
હશે હોઠ પર સ્મિત : આંખમાં કદી હોય નહિ આંસુ,
અમે તો ગીત ગુલાબી ગાશું !

- સુરેશ દલાલ

Scanned by CamScanner

એક હતો ભોપો, તેણે પહેર્યો ટોપો
ટોપો હતો બ્લ્યૂ, તેમાં હતી જૂ

જૂ ભરે ચટકો, લાગે મોટો ઝટકો
તો ય રાખે ભોપો, કાઢે નહીં ટોપો

ટોપો સાવ ગંદો, તેમાં એક વંદો
વંદો ફરે માથે, ટોપા સાથે સાથે

વંદો ભાળે જૂ, બોલે: સૂ સૂ સૂ
જૂને બીક લાગે, આમ તેમ ભાગે

જૂ સંતાય છે, વંદો ખિજાય છે
વંદો કાઢે ડોળા, કરે ખોળંખોળા

હડિયાપટ્ટી મચ્ચી, થાય ગલીપચ્ચી
ભોપો ખણવા બેઠો, ટોપો પડ્યો હેઠો

- રમેશ પારેખ

Scanned by CamScanner

ચાલો ચાલેન રમીએ હોડી હોડી
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર
ઝરણાં નાના જાય દોડી દોડી

બાપુનાં છાપાં, નકામાં થોથાં
કાપી કૂપીને કરીએ હોડી ...ચાલોને

સાદી સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી ... ચાલોને

ખાલી શખેલી, ઊંધી વળે તો
પાંદડા ને ફૂલ ભરું, તોડી તોડી ... ચાલોને

જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલા દોસ્ત મારી હોડી ... ચાલોને

Scanned by CamScanner

પપ્પાજીએ રંગબેરંગી દસ કાગળિયા દીધા,
ઋચાબહેને એમાંથી કેવાં કામણિયાં કીધાં !

પહેલો કાગળ કાળો એનો કર્યો કાગડો કાળો,
બીજો કાગળ લીલો એનો પોપટ કાંઠલાવાળો.

ત્રીજો કાગળ પીળો એનું પીળક કીધું કેવું !
ચોથો કાગળ ભૂરો એનું કીધું રે પારેવું.

પાંચમો કાગળ ધોળો એનો બગલો ચોટીવાળો,
છઠ્ઠો કાગળ રાતો એનો મરઘો માંજરવાળો.

સાતમો કાગળ કથ્થાઈ એનાં કાબરડાં કલબલતાં,
આઠમો કાગળ બહુરંગી એના મોર કીધા રૂમઝૂમતા.

નવમો કાગળ કેસરીયા એની ધજા કરી ફરફરતી,
દસમો કાગળ સોનેરી એની દરી કરી ચકમકતી.

બધાં પંખીને દેરી પરના ગુંબજ પર બેસાડ્યાં,
કળ દાબી પછી કેમેરાની કટ-કટ ફોટા પાડ્યા.

Scanned by CamScanner

# તું અહીંયાં રમવા આવ મઝાની ખિસકોલી - બાળગીત

તું અહીંયાં રમવા આવ મઝાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મઝાની ખિસકોલી



તું કેવી હસે ને રમે
મઝાની ખિસકોલી
તારા કૂદકાતો બહુ ગમે
મઝાની ખિસકોલી

તું જ્યારે ખિલખિલ ગાય
મઝાની ખિસકોલી
તારી પૂંછડી ઊંચી થાય
મઝાની ખિસકોલી

તારે અંગે સુંદર પટા મઝાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મઝાની ખિસકોલી

તું ઝાડે ઝાડે ચડે મઝાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મઝાની ખિસકોલી

બહુ ચંચળ તારી જાત મઝાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મઝાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મઝાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મઝાની ખિસકોલી

Scanned by CamScanner

# સાઈકલ મારી

સાઈકલ મારી સ..ર..ર..ર જાય,
ટ્રીન ટ્રીન ટોકરી વગાડતી જાય.

ડોશીમા ડોશીમા આઘાં ખસો.
આઘાં ખસો નહીં તો ચગદાઈ જશો!

રસ્તામાં છીંકણી ના સૂંઘાય.
વાતોમાં સાઈકલ વાગી જાય...

મોટા શેઠ મોટા શેઠ આઘા ખસો.
પાઘડી પડશે તો ગુસ્સે થશો!

ચોપડા ચીતરી ચાલ્યા બજાર.
આઘા ખસીને કરજો વિચાર...

Scanned by CamScanner

'સુન્દરમ્'  ત્રિભોવનદાસ લુહાર  – રંગ રંગ વાદળિયાં

હાં રે અમે ગ્યાં'તાં, હો રંગના ઓવારે, કે તેજના ફુવારે
અનંતને આરે, કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે ઊડ્યાં; હો મોરલાના ગાણે, કે વાયરાના વહાણે
આશાના સુકાને, કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે થંભ્યાં, હો મહેલના મિનારે,પંખીના ઉતારે
ડુંગરાની ધારે,કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે નાહ્યાં, હો રંગના ઓવારે,કે તેજના ફુવારે
કુંકુમના ક્યારે,કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે પોઢ્યાં, છલકતી છોળે, દરિયાને હિંડોળે
ગગનને ગોળે, કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે જાગ્યાં, ગુલાલ ભરી ગાલે,ચંદન ધરી ભાલે
રંગાયાં ગુલાલે,કે રંગ રંગ વાદળિયાં

હાં રે અમે નાચ્યાં, તારાના તરંગે, રઢિયાળા રંગે
આનંદના અભંગે, કે રંગ રંગ વાદળિયા

હાં રે અમે આવ્યાં, હો રંગ રંગ અંગે,અનંત રૂપરંગે
તમારે ઉછંગે,કે રંગ રંગ વાદળિયાં

Scanned by CamScanner

# વા વા વંટોળિયા!

વાયરા વન વગડામાં વાતાં'તાં
વા વા વંટોળિયા!
હાં રે અમે વગડા વીંધવા જાતાં'તાં
વા વા વંટોળિયા!

ગાડાં દોડે  ઘૂઘરા બોલે
બળદ કેરા શિંગડાં ડોલે
હાં રે અમે એક સાથ સાથ મળી ગાતાં'તાં
વા વા વંટોળિયા!

પથ ડોલંતી  ધૂળ ઊડંતી
ઝાડવાઓની ઝૂલ ઝુલંતી
હાં રે અમે ઝીણી ઝીણી આંખ કરી જોતાં'તાં
વા વા વંટોળિયા!

ધોમ ધખેલો આભ તપેલો
ગરમી તણી  ગાર લીપેલો
હાં રે અમે ઊની ઊની લૂ મહીં ના'તાં'તાં
વા વા વંટોળિયા!

હાં રે અમે ગાડામાં બેસીને જાતાં'તાં
વા વા વંટોળિયા!
વાયરા વન વગડામાં વાતાં'તાં
વા વા વંટોળિયા!

Scanned by CamScanner

# કોઇ પાળે ફરફરિયું તો કોઇ પાળે ગાય (ફુગ્ગો)

કોઇ પાળે ફરફરિયું તો કોઇ પાળે ગાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

ફુગ્ગામાંથી બને કબૂતર
ફુગ્ગામાંથી ચક્કો
ફુગ્ગામાંથી બનતો જોકર
એને માથે ટક્કો

દોરી બાંધી ઉડાડીએ તો અધ્ધર અધ્ધર જાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

પપૂડા પર ફુગ્ગો બાંધું
તો વાજું થઇ જાય
પેંડા પર જોડું તો
મારી સાઇકલ સ્કૂટર થાય

ખિસ્સામાં મૂકું તો છાનોમાનો બેસી જાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

રમેશ પારેખ

Scanned by CamScanner

# કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ડાળખી...
લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે..........કોણ...
એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો......કોણ...
આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીંચકો ડોલે.....
કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ... બેનડી જુલે ...

– અવિનાશ વ્યાસ

Scanned by CamScanner

# ખિલખિલાટ કરતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

બોલ બોલ કરતાં દોડી દોડી રમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

મુખડાં મલકાવતાં સૌને હસાવતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

થનગન નાચતાં આનંદે રાચતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

નિશાળે જાતાં ગીત નવા ગાતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

નાનેરા બાળ અમે સૌને ગમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

Scanned by CamScanner

## ચાંદો સૂરજ રમતા'તા

અમે ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મે ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં

બી બધાં મે વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું

દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું
પીંછુ મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો

ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી

માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું

પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં
ફુલ મેં પૂજારીને આપ્યા, પૂજારીએ મને પ્રસાદ આપ્યો

પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો, ને હું આવડો મોટો થઈ ગ્યો

Scanned by CamScanner

# અમે ફેર ફુદરડી રમતા'તા

અમે ફેર ફુદરડી રમતા'તા
અમે ફેર ફુદરડી રમતા'તા
ફેર ફુદરડી ફરતાં ફરતાં
પડી જવાની કેવી મજા
ભાઈ પડી જવાની કેવી મજા

અમે સંતાકુકડી રમતા'તા
અમે સંતાકુકડી રમતા'તા
સંતાકુકડી રમતાં રમતાં
પકડાઈ જવાની કેવી મજા
ભાઈ પકડાઈ જવાની કેવી મજા

અમે આમલી પીપળી રમતા'તા
અમે આમલી પીપળી રમતા'તા
આમલી પીપળી રમતાં રમતાં
સંતાઈ જવાની કેવી મજા
ભાઈ સંતાઈ જવાની કેવી મજા

અમે બિલ્લી ઉંદર રમતા'તા
અમે બિલ્લી ઉંદર રમતા'તા
અમે ચું ચું મ્યાઉં મ્યાઉં કરતા'તા
અમે ચું ચું મ્યાઉં મ્યાઉં કરતા'તા
ચું ચું મ્યાઉં મ્યાઉં કરતાં કરતાં
નાસી જવાની કેવી મજા
ભાઈ નાસી જવાની કેવી મજા

અમે સાતતાળી રમતા'તા
અમે સાતતાળી રમતા'તા
સાતતાળી રમતાં રમતાં
દોડી જવાની કેવી મજા
ભાઈ દોડી જવાની કેવી મજા

Scanned by CamScanner

# એક કબૂતર નાનું બહુ ગમે ઊડવાનું

નાનું કબૂતર

એક કબૂતર નાનું
બહુ ગમે ઊડવાનું
ઊડ્યું છાનુંમાનું
તો કબૂતરના કાકા બોલ્યા : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ
કહે કબૂતર : ગાઉં
ડાળે ઝૂલવા જાઉં
તળાવમાં જઇ ન્હાઉં
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ
કબૂતર તો રોતું
આંસુ આવ્યુ મોટું
મમ્મી સામે જોતું
તો કબૂતરની મમ્મી બોલી : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ

રમેશ પારેખ

Scanned by CamScanner

# ચોકમાં દાણા નાખ્યા છે

આવો પારેવા, આવોને ચકલાં
ચોકમાં દાણા નાખ્યા છે

આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે

આવોને કાબરબાઈ, કલબલ ન કરશો
ચોકમાં દાણા નાખ્યા છે

બંટી ને બાજરો, ચોખા ને બાવટો
ચોકમાં દાણા નાખ્યા છે

ધોળી છે જાર ને, ઘઉં છે રાતડા
ચોકમાં દાણા નાખ્યા છે

નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણા નાખ્યા છે

બિલ્લી નહિ આવે, કુત્તો નહિ આવે
ચોકમાં દાણા નાખ્યા છે

ચણ ચણ ચણજો, ને ચીં ચીં કરજો
ચોકમાં દાણા નાખ્યા છે

Scanned by CamScanner

# ઢીંગલી મેં તો બનાવી મજાની

ઢીંગલી મેં તો બનાવી મજાની, ઢીંગલી મેં તો બનાવી મજાની,
તૈયાર એને હવે કરવાની.

એનું ઝભલું સીવડાવવા દરજી પાસે જાઉં,
દરજીભાઈ દરજીભાઈ ઝભલું સીવી દો,
લાલ પીળા ઓઢણામાં આભલા જડી દો.

એના ઝાંઝર બનાવવા સોની પાસે જાઉં,
સોનીભાઈ સોનીભાઈ ઝાંઝર બનાવી દો,
મોતીની માળા ને બંગડી ઘડી દો.

એની મોજડી સીવડાવવા મોચી પાસે જાઉં,
મોચીભાઈ મોચીભાઈ મોજડી સીવી દો,
લાલ લાલ મખમલની મોજડી સીવી દો.

એને સુંદર બનાવવા મમ્મી પાસે જાઉં,
મમ્મી મમ્મી પાવડર લગાવી દો,
આંખે આંજણ, ગાલે લાલી લગાવી દો.

એનો ગજરો ગૂંથાવવા માળી પાસે જાઉં,
માળીદાદા માળીદાદા ગજરો બનાવી દો,
મોગરા ગુલાબનો ગજરો બનાવી દો.

એને હોંશિયાર બનાવવા બેન પાસે જાઉં,
બેન ઓ બેન એને લખતાં શિખવાડી દો,
એક બે ત્રણ ચાર ગણતા શિખવાડી દો.

Scanned by CamScanner

## તને ચકલી બોલાવે

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

નાના નાના ચાર ગલુડિયાં
આવે છાના માના
એક હતું ધોળું
બીજું હતું કાળું
ત્રીજું રંગે લાલ
ને ચોથું ધાબાવાળું

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

દડબડ દડબડ દોડી આવે
ભૂલકાઓનું ટોળું
એક કહે આ મારું
બીજો કહે આ મારું
ત્રીજો રમાડે રૂપાળું
ને સૌને હું પંપાળું

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

Scanned by CamScanner

# દાદાનો ડંગોરો

દાદાનો ડંગોરો લીધો
એનો તો મેં ઘોડો કીધો

ઘોડો કૂદે ઝમઝમ
ઘૂઘરી વાગે ઘમઘમ
ધરતી ધ્રુજે ધમ ધમ

ધમધમ ધરતી થાતી જાય
મારો ઘોડો કૂદતો જાય

કૂદતાં કૂદતાં આવે કોટ
કોટ કૂદીને મૂકે દોટ

સહુના મનને મોહી રહ્યો
એક ઝવેરી જોઈ રહ્યો

ઝવેરીએ તો હીરો દીધો
હીરો મેં રાજાને દીધો

રાજાએ ઉતાર્યો તાજ
આપ્યું મને આખું રાજ

રાજ મેં રૈયતને દીધું
મોજ કરી ખાધું પીધું

-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

Scanned by CamScanner

# મારો છે મોર

મારો છે મોર મારો છે મોર
મોતી ચરંતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ
મોતી ચરંતી મારી છે ઢેલ

મારો છે મોર મારો છે મોર
રાજાનો માનીતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ
રાણીની માનીતી મારી છે ઢેલ

બોલે છે મોર બોલે છે મોર
સોનાને ટોડલે બોલે છે મોર

બોલે છે ઢેલ બોલે છે ઢેલ
રૂપાને બારણે બોલે છે ઢેલ

Scanned by CamScanner

# વાદળ વાદળ વરસો પાણી

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

મોજ પડે અમને રમવાની
વાદળ વાદળ વરસો પાણી

વીજળી ચમકે વાદળ ગરજે
ઝરમર પાણી વરસે
મોજ પડે હોડી રમવાની

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

Scanned by CamScanner

# સિંહની પરોણાગત

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા ને આફત આવી મોટી

ઝૂકી ઝૂકી ભરી સલામો બોલ્યું મીઠાં વેણ
મારે ઘેર પધારો રાણા રાખો મારું કહેણ

હાડ ચામડાં બહુ બહુ ચૂંથ્યાં ચાખોજી મધ મીઠું
નોતરું દેવા ખોળું તમને આજે મુખડું દીઠું

રીંછ જાય છે આગળ એના પગ ધબ ધબ
સિંહ જાય છે પાછળ એની જીભ લબ લબ

ઘર આ મારું જમો સુખેથી મધની લૂમેલૂમ
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમે બૂમ

મધપુડાનું વન હતું એ નહીં માખીનો પાર
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર

આંખે મોઢે જીભે હોઠે ડંખ ઘણેરા લાગ્યા
ખાધો બાપ રે કરતા ત્યાંથી વનરાજા તો ભાગ્યા

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા 'તા આફત ટાળી મોટી

–રમણલાલ સોની

Scanned by CamScanner

# હું ને ચંદ્દ છાનામાના કાતરિયામાં પેઠાં

હું ને ચંદ્દ છાનામાના કાતરિયામાં પેઠાં
હું ને ચંદ્દ છાનામાના કાતરિયામાં પેઠાં
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠાં
મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લૂંગી
પરદો બાંધી અમે બનાવી ફિલમ મૂંગી મૂંગી...

દાદાજીનાં ચશ્માંમાંથી કાઢી લીધો કાચ
એનાથી ચાંદરણા પાડ્યાં પરદા ઉપર પાંચ

ચંદ્દ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદ્દ...


કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક
ઉંદરડીને ભાળી એણે તરત લગાવી ઠેક

ઉંદરડી છટકી ને બિલ્લી ચંદ્દ ઉપર આવી
બીક લાગતાં ચંદ્દ સાથે ચીસો મેં ગજાવી
દોડંદોડા ઉપર આવી પહોંચ્યાં મમ્મી-પપ્પા
ચંદ્દડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધબ્બા...

રમેશ પારેખ

Scanned by CamScanner

## :: પેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા ::




પેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા,
બેઠા છે હારબંધ હો ડાહ્યા ત્રણ વાંદરા.
એક કર્યું છે બંધ ગોહું બે હાથથી,
ખોટુ બોલાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે...
બીજે કર્યા છે બંધ કાનો બે હાથથી,
ખોટુ સુણાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે....
ત્રીજે કરી છે બંધ આંખો બે હાથથી,
ખોટું જોવાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે....
ગાંધી બાપુનું બોધક રમકડું,
આપે શિખામણ હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે....

## :: ધીમે ધીમે ધીમે ધીમે નીચે તું આવ ::

ધીમે ધીમે ધીમે ધીમે નીચે તું આવ,
હો ચાંદલા નીચે તું આવ...
રોજ રોજ રાત પડે જોતી તુ જ વાટડી,
આભલાની સામે જોઈ થાકી મુજ આંખડી.
પરીઓની વાત કંઈ સુણાવ... હો ચાંદલા...
આભલાના બાગમાં થોડા કંઈ ફૂલડાં,
લાવજે તું મારી વેણીમાં ગૂંથવા.
નાનકડું આંગણું સોહાય...હો ચાંદલા...
તારી સાથે રમવાના મુજને કંઈ કોડ છે,
આવીને દેખ જરા કેવી મુજ જોડ છે.
નાનકડી બહેનને રીઝાવ...હો ચાંદલા...

## :: પેલા નાચંતા મોરલાને કહી દો ::

પેલા નાચંતા મોરલાને કહી દો,
પેલા થનગનતા મોરલાને કહી દો.
હો... અમે નાચવાને તારી સંગ આવશું...(૨)
સૌને સત્કારવા તું દેજે રંગ તારો,
જીવન મહેકાવવા તું દેજે રંગ તારો,
પેલા આભ તણા ચાંદલાને કહી દો,
હો...અમે ઘૂમવાને તારી સંગ આવશું...(૨)
શીતળતા ભરજે તું મારા જીવનમાં,
સુખ દુઃખમાં રહેવાનું સાથે શીખવજે,
પેલા બાગ તણા ફૂલડાને કહી દો,
હો... અમે રમવાને તારી સંગ આવશું...(૨)
વાર્તા સાંભળવી મારે ગીતો સાંભળવા,
કોઈ મને રોકોમાં નિશાળે જાતા,
પેલા સ્કૂલ તણા બાળકોને કહી દો,
હો... અમે ભણવાને તારી સંગ આવશું...(૨)
પેલા નાચંતા મોરલાને કહી દો...



Scanned by CamScanner

# :: ડિસ્કો કાના ડિસ્કો કાનુડો ::

ડિસ્કો કાના ડિસ્કો કાનુડો ટનાટન છે.

મેથી વીણીને મેતો થેપલા બનાવ્યા.

થેપલા ખાવા આવરે કાના...

થેપલા ટનાટન છે...ડીસ્કો...

છાશ વલોવી મે તો માખણ બનાવ્યું,

માખણ ખાવા આવરે કાના.

માખણ ટનાટન છે...ડીસ્કો...

વનરા તે વનમાં રાસ રમાય છે,


રાસ રમવા આવરે કાના.

ગોપીઓ ટનાટન છે...ડીસ્કો...



Scanned by CamScanner

## ૪. પીળો પતંગ



પીળો પતંગ મારો પીળો પતંગ
ઉંચે આકાશે પીળો પતંગ... પીળો૦
કેવો પવન ફરરર વાય – મારો પતંગ સરરર જાય
પહોંચ્યો વાદળાની સંગ... પીળો૦
મારો પતંગ સરરર જાય – પેલી ફિરકી ફરરર થાય
એનો રાતો છે રંગ... પીળો૦
જામી પતંગ કેરી હોડ – અલ્યા છોડ દોરી છોડ
જો જો જાયના પતંગ... પીળો૦



• • •

## ૪. હાલો ભેરુ ગામડે

એવા આવે છે ધરતીના સાદ રે, હાલો ભેરૂ ગામડે !
ભીની માટીની ગંધ આવે યાદ રે, હાલો ભેરૂ ગામડે !

બોલાવે આજ એનાં ખુલ્લા આકાશ,
મીઠા પરોઢના અલબેલા ઉજાસ,
ઘેરા ઘમ્મર વલોણાના સાદ રે !... હાલો૦

ચારીશું ગાવલડી ડુંગરાને ઢાળે,
બાંધીશું હીંચકો વડલાની ડાળે,
મોર ગહેકે જ્યા સરોવરની પાળ રે !... હાલો૦

ગાઓ રે બંધવા ગામડાના ગીત,
યાદ કરો ભોળુડા માનવીની પ્રીત,
જાણે જીંદગીના મીઠા નવનીત રે !... હાલો૦

ખૂંદવાને સીમ ભાઈ, ખેડવાને ખેતરો,
ભારતના ભાવિના કરવા વાવેતરો,
હે...જી કરવા મા–ભોમને આબાદ રે !... હાલો૦

• • •


## ૬. સાગરમાં નાવ

સાગરમાં નાવ મારી સરરર જાય,
કાંઠે ઉભા ઝાડ કેવાં નાના નાના થાય... સાગર૦
દૂર દૂર પંખીઓનો કલરવ થાય,
સમીરની મંદ મંદ વાંસલડી વાય... સાગર૦
સફેદ સઢમાં કેવો પવન ભરાય,
હલેસુ મારૂને નાવ દોડી દોડીજાય... સાગર૦
ઉંચે ભુરૂ આકાશ શું વિશાળ જણાય
નીચે કાળા કાળા પાણી દેખ્યાં નવ જાય... સાગર૦
તોફાનમાં નાવ મારી ડગુમગુ થાય,
પ્રભુને સમરૂ ત્યાં નાવ સરરર જાય... સાગર૦

• • •

Scanned by CamScanner

## ૧૪. બોર



કેવા મઝાનાં દેખાય બોર આ કેવા મઝાનાં,
ટાઢ ખુબ આવતાં, બોર ખૂબ પાકતાં,
આ તે ખાવાનું મન થાય... બોર૦
પથ્થર ફેંકતા બોર નીચે આવતાં,
એ તો ખીસ્સામાં ભરાય... બોર૦
ખીસ્સામાં ભરતાં ઘેર દોડી આવતાં,
બોરની લ્હાણી કરાય... બોર૦

• • •

## ૧૫. કબૂતરાં

ઉગી સોહામણી સવાર, આવો કબૂતરાં,
આંગણે મેં નાખી જુવાર, આવો કબૂતરાં... ઉગી૦
રત્નજડી આંખડી, ભૂરી ભૂરી પાંખડી,
શોભી રહ્યા છો અપાર, આવો કબૂતરાં... ઉગી૦
બીશો મા, ઉડશો મા, ભોળા કબૂતરાં,
આવો સૌ કરીએ વિહાર, આવો કબૂતરાં... ઉગી૦
જુદા નથી આપણે, બાંધ્યા પ્રેમ તાંતણે,
એક પિતાનો પરિવાર, આવો કબૂતરાં... ઉગી

Scanned by CamScanner

## :: શેરીમાં રમતા બાળ છૂક છૂક ગાડી ::

શેરીમાં રમતા બાળ છૂક છૂક ગાડી છૂક છૂક ગાડી.
નાના નાના ભૂલકાની છૂક છૂક ગાડી છૂક છૂક ગાડી.
અનિલભાઇ એન્જિન બને ગીજુ બને ગાર્ડ,
લાંબી લાંબી લંગર ચાલે ગાડી લાંબી થાય.
ધક્કા મુક્કી કરતી ચાલી...છૂક છૂક ગાડી...
કનુભાઇ કોલસા પૂરે પપ્પુ પૂરે પાણી,
ખડ ખડ કરતું એન્જિન ચાલે ડબ્બા લેતું જાય,
સુરેશભાઇએ સીટી મારી... છૂક છૂક ગાડી...
લાલ ઝંડી બતાવે ત્યાં ગાડી થંભી જાય.
લીલી ઝંડી બતાવે ત્યાં ગાડી ઉપડી જાય.
સંદીપભાઇએ સિગ્નલ આપ્યું... છૂક છૂક ગાડી.
દાદાજીનાં ડેલા પાસે સ્ટેશન આવી જાય.
એન્જિન આવી ઉભું રહે ત્યાં ડબ્બા છૂટા થાય.
નાચે કૂદે ખેલે બાળ...છૂક છૂક ગાડી...



Scanned by CamScanner



## ટીન્કુબેન

ચકલીનું એક બચ્ચુ નાનું ટીન્કુ એનું નામ
ધમાચકડી ધીંગામસ્તી એ બસ એનું કામ

એક દિવસ આ ટીન્કુબેને જીદ ઉડવાની કીધી
હેતથી મમ્મીએ એને ખોળામાં લઇ લીધી

મમ્મી બોલી બેટા ટીન્કુ તું હજી છે નાની
મોટા થઇને ઉડવાનું આખી દુનિયા જોવાની

ટીન્કુબેન કંઇ મમ્મીની આ વાત ઓછા માને ?
ના હોય મમ્મી ત્યારે ઉડતા શીખે છાને છાને

એક સવારે ટીન્કુબેન તો ડાળી ઉપર બેઠા
ઉડવાની જ્યાં કોશિશ કિધી ત્યાં તો આવ્યા હેઠા

આ જોયું ને કિંજલબેને લેસન પડતું મુક્યું
ચકલીના બચ્ચાને લઇને માળામાં જઇ મુક્યું



- દિનેશ પરમાર

Scanned by CamScanner

# એક મજાનો માળો

એક મજાનો માળો એમાં દસ ચકલી રહેતી (૨)

એક ચકલી ચોખા ખાંડે,
બીજી મગડા ભરડે.હો...હો...હો...ચકલી ચકલી

ત્રીજી બેઠી કરે તડાકા,
ચોથી ચોખા ચાળે.હો...હો...હો...ચકલી ચકલી

પાંચમી ઓરે ખીચડી,
છઠ્ઠી છમ્ છમ્ નાચે.હો...હો...હો...ચકલી ચકલી

સાતમી શાક સુધારે,
આઠમી હજી ઊંઘ.હો...હો...હો...ચકલી ચકલી

નવમી નીર ભરી લાવે,
દસમી દમ ભીડાવે.હો...હો...હો...ચકલી ચકલી

કહો ખીચડી થઈ ગઈ છે,
હવે કોણ જમે? કોણ રમે ? હો...હો...હો...ચકલી ચકલી

જે કામ કરે તે જમે,
ને ન કરે તે રમે. હો...હો...હો...ચકલી ચકલી

ડૉ. શ્રી રક્ષાબહેન દવે

Scanned by CamScanner

# નાનકડી બેન

નાનકડી બેન મારી નાનકડી બેન,
મીઠું મીઠું બોલતીએ નાનકડી બેન.

હો...એ તો પા પા પગલી પાડે આ..હા..હા (૨)
વિના કારણ હસતી એ તો સૌને હસાવે,
નાનકડી બેન મારી નાનકડી બેન .

હો...એ તો ઘુઘરો ઘુમાવતી આવે આ..હા..હા(૨)
ખોટું ખોટું લખતી એ તો લઈ સ્લેટ પેન,
નાનકડી બેન મારી નાનકડી બેન.

હો...એ તો ઢીંગલી રમાડતી આવે આ..હા..હા(૨)
ભઈલાનું ખમીસ પકડી રમતી ટ્રેન ટ્રેન,
નાનકડી બેન મારી નાનકડી બેન.

હો...એ તો રૂમઝૂમ કરતી આવે આ..હા..હા (૨)
નાનકડાં વાળની એ વેણી ગૂંથાવે,
નાનકડી બેન મારી નાનકડી બેન.

Scanned by CamScanner

# દૂધવાળો આવે

દૂધવાળો આવે, દૂધવાળો આવે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે.

મમ્મી કહે તું જા, પપ્પા કહે તું જા,
આપ તો મોટા રાજા,નાકમાં વાગે વાજા;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે...દૂધવાળો૦

સાયકલ ચલાવે, ઝટપટ આવે,
દૂધ મીઠાં લાવે, મમ્મી ને બોલાવે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે...દૂધવાળો૦

ઊગતું પરોઢિયું, પંખી કરે શોર,
મીઠી મીઠી ઊંઘ તોયે ઘંટડી વગાડે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે...દૂધવાળો૦

Scanned by CamScanner

# સપનાની વાત

સપનાની વાત કહું સપનાની વાત,
ભાઈ મારા સાંભળજો સપનાની વાત.

કોક દી હું સપનામાં આકાશે ઉડતો,
ચાંદામામાની સાથે હું ઘુમતો;
તારલિયા ભાઈ મારા પગે અડી જાય...ભાઈ મારા૦

કોક દી હું પરીઓના દેશમાં જઈ પહોંચતો,
પરીઓના ખોળલે સુખેથી પોઢતો;
પરીઓની પાંખો મને પંખો નાખી જાય...ભાઈ મારા૦

કોક દી હું સાગરમાં ડૂબકીઓ મારતો,
માછલીના દેશમાં મોતીડાં વીણતો;
માછલીઓ ખૂબ મને ઉંડે લઈ જાય ..ભાઈ મારા૦

કોક દી હું મધદરિયે હોડી હંકારતો,
હલેસા મારીને દૂર દૂર પહોંચતો;
સાગરનાં મોજાંઓ હિલ્લોળાં ખાય..ભાઈ મારા૦

શ્રી મહેન્દ્રભાઈ જોશી

Scanned by CamScanner

# દરિયાકાંઠે રમવા ચાલો

દરિયાકાંઠે રમવા ચાલો નાના બાળારાજા,
રેતીમાં રમવાને ચાલો નાના બાળારાજા.

શંખલા છીપલાં વીણીને માળા રે બનાવશું,
કાગળની હોડીને પાણીમાં રે તરાવશું;
મોજાં સાથે બાથ ભીડશું, ચાલો બાળારાજા.

રેતીના બંગલાંઓ સાથે બેસી બનાવશું,
નાની ઢીંગલી માટે રે ખુરશી ટેબલ લાવશું;
પાણીમાં છબછબિયાં કરશું, ચાલો બાળારાજા.

ઊંચા ઊંચા આભલે સૂરજ દાદા આવશે,
સંધ્યાના રંગોને પાણીમાં રે બિછાવશે;
દરિયાનાં એ રંગો જોવા, ચાલો બાળારાજા.

નાની નાની માછલીઓ કાંઠે રમવા આવશે,
ગીત મધુરા ગાશું, દરિયો હિલ્લોળા લાવશે;
મોજાનાં હિલ્લોળાં જોવા, ચાલો બાળારાજા.

શ્રી મહેન્દ્રભાઈ જોશી

Scanned by CamScanner

# દાદાની મૂછ

બડી લંબી રે મારા દાદાની મૂછ (૨)
દાદાની મૂછ જાણે બિલાડીની પૂંછ (૨)..બડી લંબી૦

દાદાજી પોઢતાં મખમલનાં ઢોલિયે(૨)
શાહીથી રંગી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી૦

અંધારે ઓરડે હું તો ચોકલેટ શોધતો (૨)
ધીમેથી તાણી મેં તો દાદાનો મૂછ (૨)..બડી લંબી૦

કાતર લઈને હું તો કાગળીયા કાપતો(૨)
કચકચ કાપી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી૦

વીરાના પારણિયે તૂટેલો દોર છે (૨)
દોરીથી બાંધી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી૦

Scanned by CamScanner

હું તો કાળી ઘોડીનો સવાર,
ઘોડી મારી થનગન થનગન નાચે.

હું તો બાંધુ સાફલિયો માથે,
લઈ રાખું લગામ એક હાથે;
એને એવી મારું હું લગામ,
ઘોડી મારી વાયુનાં વેગે ભાગે...હું તો૦

એ ને ચણાને ઘાસ ખવડાવું,
એને નદીમાં રોજ નવડાવું;
એ તો રૂપરૂપનો અંબાર,
ઘોડી મારી કેવી રૂપાળી લાગે...હું તો૦

એને ચાબૂક કદીના મારું,
એને હેતે કરી પંપાળું;
એ તો ચાલે લટકતી ચાલ,
ઘુઘરીઓ ઘમ ઘમ ઘમ ઘમ વાગે...હું તો૦

Scanned by CamScanner

# પોપટ ચકલા

ઓ પોપટ ચકલાં પારેવાં,
કેવા સુંદર નમણાં વાહ રે વાહ;
તમે ઊંચે આભમાં ઉડી શકો;
તમે ઝાડે ઝાડે ઝૂલી શકો;
તમે ખીણને ડુંગર ખૂંદી શકો..ઓ પોપટ૦

ઓ કોમળ કેવા કેસૂડાં,
કેવા સુંદર નમણાં વાહ રે વાહ;
તમે જનમ્યાં ત્યાથી સુંવાળાં;
તમે અંગે અંગે રૂપાળાં..ઓ પોપટ૦

હો ઝરણ સરોવર સરિતા,
કેવા સુંદર નમણાં વાહ રે વાહ;
તમે માનવ કેરા મન હરતાં;
તમે નવલાં નવલાં રૂપ ધરતાં..ઓ પોપટ૦

Scanned by CamScanner

# લીલા પોપટ

લીમડાની ડાળીએ લીલા પોપટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની૦

ડાળીએ ઝૂલતાં ડાળીએ રમતાં,
નાના મોટાંને પોપટજી ગમતાં;
ઉંચે ઉંચે ઉડતાં ઝટ ઝટ ઝટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની૦

વાંકી લાલ ચાંચ છે કેવી મઝાની,
મધુરું બોલતાં મીઠી છે વાણી;
આંખોને કરતાં પટ પટ પટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની૦

વનવન ભમતાં ફળફૂલ ખાતાં,
ટોળામાં બેસીને મધુરું ગાતાં;
પાંખોને કરતાં ફટ ફટ ફટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની૦

Scanned by CamScanner

# ધિંતાકિતા

હે.. ધિંતાકિતા ધિંતાકિતા ધિંતાકિતા તા(૨)
ઓ પતંગિયા, ઓ પતંગિયા,
તું શીખવી જા મને ઉડવાનું..હે ધિંતાકિતા૦

હે.. ધિંતાકિતા ધિંતાકિતા ધિંતાકિતા તા(૨)
ઓ કોયલબેન, ઓ કોયલબેન,
તું શીખવી જા મને ગાવાનું..હે ધિંતાકિતા૦

હે.. ધિંતાકિતા ધિંતાકિતા ધિંતાકિતા તા(૨)
ઓ મોરલિયા,ઓ મોરલિયા,
તું શીખવી જા મને નાચવાનું..હે ધિંતાકિતા૦

હે.. ધિંતાકિતા ધિંતાકિતા ધિંતાકિતા તા(૨)
ઓ માછલીબેન, ઓ માછલીબેન,
તું શીખવી જા મને તરવાનું..હે ધિંતાકિતા૦

Scanned by CamScanner

# માટી હોયતો મૂળ હોય

માટી હોય તો મૂળ હોય,
મૂળ હોય તો ઝાડ હોય;
ઝાડ હોય તો માળા હોય,
માળા હોય તો પંખી હોય;
પંખી હોય તો પાંખ હોય,
પાંખ હોય તો આકાશ હોય;
આકાશ હોય તો વાદળ હોય,
વાદળ હોય તો વરસાદ હોય;
વરસાદ હોય તો પાણી હોય,
પાણી હોય તો ઝરણાં હોય;
ઝરણાં હોય તો જંગલ હોય,
જંગલ હોય તો મંગલ હોય;
મંગલ હોય તો માણસ હોય,
માણસ હોય તો મંગલ હોય.

Scanned by CamScanner

ટીણીણી ટીણીણી ટીણીણીણીણી (૩)
હું ને પોપટલાલ ચાલતાં ચાલતાં,
વનવગડાંમાં ગ્યાતા (૨).....

ઝાડ પણ જોયા,
તાડ પણ જોયા(૨)
જોયા મેં છોડવા નાનાં(૨).....ટીણીણી૦

વાઘ પણ જોયાં,
હાથી પણ જોયા(૨)
જોયાં મેં સસલાં નાનાં(૨).....ટીણીણી૦

નદી પણ જોઈ,
નાળાં પણ જોયા(૨)
જોયાં ખાબોચિયાં નાનાં(૨).....ટીણીણી૦

કેરી પણ ખાધી,
આંબલી ખાધી(૨)
ખાધા મેં બોરાં નાનાં(૨).....ટીણીણી૦

Scanned by CamScanner

# રંગનો દરબાર

દરબાર છે દરબાર, આ રંગ તણો દરબાર;
લાલ રંગ હું રાજા, લીલો મારો સરદાર ...દરબાર૦

પીળાં પીતાંબર પહેરી, સૌ પૂજા કરવા જાય,
પીળી છે પાકલ કેરી, સૌ હોંશે હોંશે ખાય ...દરબાર૦

કેસરિયો મારો સૈનિક, એ લડવામાં બહાદુર,
પોપટિયો મીઠું બોલે, મધુરો એનો સૂર ...દરબાર૦

બદામી બતક બોલેને, બડબડ ગીતો ગાય,
આખી દુનિયાની માથે, વાદળિયો રંગ છવાય ...દરબાર૦

ભૂરો ભણવામાં પહેલો, ભારે છે હિંમતવાન,
જાંબુડિયો ઝટપટ ચાલે, જુસ્સાવાળો જુવાન ...દરબાર૦

ગુલાબી છે ગરજુડો, ને રંગેરૂપે રૂડો,
ભગવો છે સાધુ બાવો, ને નામ એનું રૂડો...દરબાર૦

કાળો છે કામણગારો, કાળાની મોટી વાત,
ચાંદામામા ને તારા, ચમકે છે કાળી રાત .....દરબાર૦

Scanned by CamScanner

# રમકડાંવાળો

આવ્યો આવ્યો રમકડાંવાળો,
કે લઈ લ્યો, લઈ લ્યો રમકડાં;
આજ લારી ભરીને લાવ્યો,
કે લઈ લ્યો, લઈ લ્યો રમકડાં...આવ્યો૰

ઉડતા ઘોડાને ઝૂલતા હાથી,
લઈ લ્યો પિસ્તોલ એક સંકટનો સાથી;
ઢિસુમ્......ઢિસુમ્......ઢિસુમ્ ...આવ્યો૰

ગાતું બુલબુલને નાચતી ઢીંગલી,
આંખો પલકાવે છે કેવી એ પીગળી;
પટ..પટ..પટ..પટ..પટ..પટ...આવ્યો૰

સૂતેલા પપ્પાને જલદી જગાડો,
પિપૂડાં વાજાંને ઢોલકાં વગાડો;
પીપ..પીપ..પીપ..ઢમ..ઢમ..ઢમ...આવ્યો૰

Scanned by CamScanner

ગાજે છે ગીત જ્યાં હેતનાં રે,
રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું !
નદિયુંનાં પીમાં મીઠાં નીર રે,
રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું !
સુખમાં સુખિયાં સૌ સાથમાં રે, ...રંગભર્યું૦
દુઃખમાં ભેળું છે આખું ગામ રે. ...રંગભર્યું૦
ધરતી ખેડે છે સૌ સાથમાં રે, ...રંગભર્યું૦
ધંધા વિનાનું નથી કોઈ રે. ...રંગભર્યું૦
ઘેર ઘેર ઘંટિયું ચાલતી રે, ...રંગભર્યું૦
રેંટિયાનો મીઠો ઝણકાર રે. ...રંગભર્યું૦
ખટક ખટૂકે સાળ સામટી રે, ...રંગભર્યું૦
ઉંચા નીચાના નથી ભેદ રે. ...રંગભર્યું૦
કામધેનુ સમાણી ગાવડી રે, ...રંગભર્યું૦
ધીંગા ધુરાના ધરનાર રે. ...રંગભર્યું૦
અંતર પ્રકાશ સૌની આંખમાં રે, ...રંગભર્યું૦
ધરણી ધ્રુજે છે જેને પાય રે. ...રંગભર્યું૦
સામું જુએ ત્યાં હેત નીતરે રે, ...રંગભર્યું૦
આંખડીએ અમી છલકાય રે. ...રંગભર્યું૦
સંત વિનોબાની વાણીએ રે, ...રંગભર્યું૦
ગાંધી બાપુનો જય જયકાર રે. ...રંગભર્યું૦

Scanned by CamScanner

# મને ગમે

મને આભલે ચમકતો ચાંદલો ગમે,
એની આસપાસ નાના મોટા તારા રમે.

મને શિયાળે સૂરજનો તડકો ગમે,
એની આસપાસ મારો પડછાયો રમે.

મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ લાલપીળા રંગો રમે.

મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ ઘનઘોર વાદળ રમે.

મને ધરતીના ખોળે ઉગ્યા છોડવા ગમે,
એની આસપાસ પાંદડા ને ફૂલો રમે.

મને માનવ મહેરામણના મેળા ગમે,
એની આસપાસ નાનામોટાં છોરાં રમે.

શ્રી જયંતભાઈ શુકલ

Scanned by CamScanner

# અષાઢી મેહુલો

આજે અષાઢી મેહુલો આવ્યો રે,
એનો નાદ ગગન માં ગાજયો રે.

ચોમેર આજે વાદળ છાયાં,
નીલગગનમાં એ પથરાયાં;
પેલાં ફોરાની ફોજો આવી રે....એનો નાદ૦

મોરલા ગહેકયા ઊંચી ડોકે,
ડુંગરા નાહ્યા મેહુલા ધારે;
પેલાં ઝરણાંના પાવા વાગ્યા રે...એનો નાદ૦

ધરતીનો જાયો આનંદે નાહ્યો,
પુલકિત થઈને એ મલકાયો;
પેલો માનવ મન હરખાયો રે.....એનો નાદ૦

Scanned by CamScanner

# કેસૂડાની કળીએ

કેસૂડાની કળીએ બેસી ફાગણિયો લહેરાયો,
આવ્યો ફાગણિયો, રૂડો ફાગણિયો.

રંગભરી પિચકારી ઊડે, હૈયે હરખ ન માયો,
અબિલ ગુલાલ ગગનમાં ઊડે; (૨)
વ્રજમાં રાસ રચાયો, આવ્યો ફાગણિયો.

લહર લહર લહરાતો ફાગણ, ફૂલડે ફોરમ લાયો,
કોકિલ કંઠી કોયલડીએ; (૨)
ટહૂકી ફાગ વધાયો, આવ્યો ફાગણિયો.

પાને પાને ફૂલડાં ધરિયાં, ઋતુ રાજવી આયો.
સંગીતની મહેફિલો જામી; (૨)
વસંત–બહાર ગવાયો, આવ્યો ફાગણિયો.

રંગોની ઉજાણી ઊડે, કેસૂડો હરખાયો,
ચેતનના ફુવારા છૂટયા; (૨)
હોરી ધૂમ મચાયો, આવ્યો ફાગણિયો.

Scanned by CamScanner

## પતંગનો પેચ

ઊંચે ઊંચે લાલ લાલ ઝોલા ખાય લીલો,
ભૂરિયાને ભોંયે પટકે પતંગ મારો પીળો;
રંગ જામ્યો રે આજે પેચનો, ખેંચા ખેંચનો ...ઊંચે ઊંચે૦

ગુલાબી તો ગોથા ખાય, કાળિયો કપાય,
લીલા ઉપર લંગર આવ્યું લીલો ઝોલા ખાય;
નાનાં ભૂલકાં લૂંટ ચલાવે, રંગ જામ્યો રે...ઊંચે ઊંચ૦

દોર અમારો લાલ લાલ પીળો છે પતંગ,
નીલ આકાશે જામ્યો આજે લાલ પીળાનો જંગ;
ચાર દિશાએ પતંગ ઊડે રંગ જામ્યો રે...ઊંચે ઊંચ૦

શીત સમીરે ફરફર કરતો પીળો ઊંચે જાય,
પૂંછડીવાળા ધોળિયાનો આજે દોર કપાય;
વાદળ સાથે વાતો કરતાં રંગ જામ્યો રે...ઊંચે ઊંચ૦

વિવિધ ભાતના પતંગ ઊડે રંગબેરંગી દોર,
આભઝરૂખે નર્તન કરતાં જાણે નાચે મોર;
વાદળ સંગે હવામાં તરતાં રંગ જામ્યો રે...ઊંચે ઊંચ૦

Scanned by CamScanner

# પતંગ રંગદાર

ઊડે પતંગ રંગદાર આભમાં, (૨)
લાલિયો ને ધોળિયો, પીળિયોને ભૂરિયો;
લોટતોને દોર લેતો જાય ગગનમાં........ઊડે૦

ચાંદાને ચોકડી નો જામ્યો છે પેચ અલ્યા,
ચાંદો ગયો ભર દોર ગગનમાં ......ઊડે૦

જો જો શરદભાઈ, જો જો ભરતભાઈ,
હાથમાંથી ચાલ્યો ન જાય ગગનમાં ......ઊડે૦

દોરીની ઝૂલ પડી, લૂંટજો અલ્યા લૂંટજો,
જો જો ન આંગળા કપાય હાથનાં ......ઊડે૦

Scanned by CamScanner

# ચાંદલિયો

ચાંદલિયો આવ્યો, અજવાળા લાવ્યો;
ચાંદની રે તું અહીંયા આવ...ચાંદલિયો૦

વર્ષા રાણી આવ્યા,ગડગડાટ લાવ્યા;
વીજળી રે તું અહીંયા આવ...ચાંદલિયો૦

સરિતા રે આવી,ખળભળાટ લાવી;
નાવડી રે તું અહીંયા આવ...ચાંદલિયો૦

સંધ્યારાણી આવ્યા,અંધારા લાવ્યા;
ઉષારાણી રે તું અહીંયા આવ...ચાંદલિયો૦

Scanned by CamScanner

# દેને તું પાંખ મને તારી

દેને તું પાંખ મને તારી, દેને તું પાંખ મને તારી;
ઉંચે ઉંચે આભલામાં ચાંદાના તેજમાં;(૨)
ઓલ્યા તારલાની સાથે મારે રમવું(૨)... દેને તું૦

વગડાની વાટમાં ને ડુંગરાની ધારમાં;(૨)
પેલાં ફૂલડાંની સાથે મારે હસવું(૨)...દેને તું૦

નદીઓનાં નીર જોવાં, સાગરનાં પૂર જોવાં,(૨)
ઓલી વાદળીની સાથે મારે ફરવું(૨)... દેને તું૦

જોવા છે કોતરો ને જોવી છે કંદરા, (૨)
પેલા વાયરાની સાથે મારે ઉડવું(૨)... દેને તું૦

Scanned by CamScanner

# અમે નીલકુવારે રમતાં રે

અમે નીલકુવારે રમતાં રે મનગમતાં,
અમે નીલકુવારે રમતાં રે મનગમતાં.

વસંતની ફૂલછાબ બિછાવી,
બુલબુલ નાદ સુણંતાં;
પરાગના અસવાર બનીને,
ગંધ સુગંધ વિહરતાં રે મનગમતાં.......અમે૦

અષાઢની ઘનઘોર ઘટામાં,
ચમક ચમક ચમકંતાં;
કાજળકાળા વેશ ધરીને;
મયૂરને નચવંતા રે મનગમતાં ...અમે૦

ઊષા અરુણને કુમકુમ પગલે,
રંગ સુરંગ રચંતાં;
સાંજ પડે રવિરાય ઢળે જયાં,
સપના સાથ રમંતાં રે મનગમતાં ...અમે૦

'સુંદરમ્'

Scanned by CamScanner

# લાડુભટ્ટ

લાડુભટ્ટ લાડુભટ્ટ લાડુ કરી ગયા રે ચટ્ટ,
લાડુ ખાય એ તો બોલે મારો દુનિયામાં છે વટ....લાડુભટ્ટ૦

એક નહી, બે નહી, ખાય પૂરા પચ્ચીસ,
લાડુ ઓછા પડે તો કરે મોટી રીસ;
ઊભા થઈને પાણી પીવે ઘટ ઘટ ઘટ....લાડુભટ્ટ૦

ગોળા જેવું પેટ એનું, હાથી જેવા પગ,
માથે પહેરે પાઘડીને ચાલે ધબ ધબ;
માથે મોટી ચોટલીને મૂછો રાખે કટ....લાડુભટ્ટ૦

શિયાળામાં શેરડીનો ગોળ ખૂબ ખાય,
ખાતાં ખાતાં બોલે એ તો ટાઢ ઊડી જાય;
સવાર સાંજ વગાડે મંદિરે નોબત.....લાડુભટ્ટ૦

વહેલા ઊઠી નદીકાંઠે રોજ ન્હાવા જાય,
પાણી દેખી ખૂબ એતો ધૂબકા ખાય;
પહેરે નાની પોતડીને ચાલે ઝટ ઝટ.....લાડુભટ્ટ૦

ઉનાળામાં પરબે બેસી સૌને પાણી પાય,
ભુવાને ભરાડી એને જોઈ નાસી જાય;
નાના મોટા બોલે આ તો ભીમભાઈ ભટ્ટ....લાડુભટ્ટ૦

Scanned by CamScanner

# મારો ધક્કા

ઓ કાલી ટોપીવાલા,
ઓ લાલ હેટવાલા;
ઓ બુશકોટવાલા બાબા આવો,
મોટર મારી અટકી પડી;
ટાયરનાં તૂટયાં ટાંકા,
મારો ધક્કા... (૨)

ઉજાણી કરવાને ગ્યા'તા,
સૌ એ નાગધણીંબા;
પેટ્રોલ ખૂટયું મોટર અટકી,
સૌ એ માયા ફાંફા;
મારો ધક્કા (૨)

પૈડાં નાનાં બોડી મોટી,
પિસ્તાલીસનું મોડેલ;
કોઠી જેવા ત્રણ બેસે તો,
પૈડાં થઈ જાય વાંકા;
મારો ધક્કા (૨)

જેમતેમ પાદરમાં પહોચ્યાં,
ત્યાં ભડકયા બે પાડા;
મોટર લીધી બાજુમાં ત્યાં,
સામે આવ્યા ખાડા;
મારો ધક્કા (૨)

Scanned by CamScanner

અંતર મંતર જંતર, હું જાણું છું રે મંતર,
તને ચકલી બનાવી દઉં, તને કાગડો બનાવી દઉં.

જુઓ આ છે ટોપલી ખાલી,
તેમાં પરી આવે છે મતવાલી;
મારી ટોપલીમાં જાદુ,
તેમાં પરીને બેસાડું;
તેનું સસલું બનાવી દઉં..........અંતર મંતર૦

જુઓ આ છે ગંજીપાની રમત,
રમતમાં છે મોટી ગમ્મત;
પેલો ગુલામ આવે છે,
પછી રાણી આવે છે;
તેનો બાદશાહ બનાવી દઉં............અંતર મંતર૦

જુઓ આ છે મેના વગડાની,
તે ગાય છે સરસ મજાની;
તેને જંગલમાં ભાળી,
પૂરી પિંજરામાં પાળી;
તેને કૂકડી બનાવી દઉં............અંતર મંતર૦

જુઓ આ છે એક નાના ઠીંગુ,
તેનું નામ પાડ્યું છે મેં પીંગુ
પીંગુ ખૂબ દોડે છે,
મોટા ઝાડ તોડે છે;
તેને લંબુ બનાવી દઉં............અંતર મંતર૦

Scanned by CamScanner

ખાતી નથી, પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી,
બોલ બા બોલ એને કેમ બોલાવું કેમ બોલાવું?

ડોલમાં બેસાડી એને નવરાવું
ચંપાના ફૂલની વેણી ગૂંથાવું
તો પણ તે બોલતી નથી.(૨).......ખાતી નથી૦

ઘંટીને ઘૂઘરો આપું છું રમવા
સોનાના પાટલે બેસાડું જમવા
તો પણ તે ખાતી રે નથી.(૨).......ખાતી નથી૦

પંખી બતાવું ડાળીએ ઝૂલતાં
મેના પોપટને મોરલા ટહુંકતા
તો પણ તે ગાતી રે નથી(૨).......ખાતી નથી૦

પહેરાવું ઝાંઝરીને રેશમી ઝબલું
છૂમ્ છૂમ્ નાચું ને વગાડું તબલું
તો પણ તે નાચતી રે નથી(૨).......ખાતી નથી૦

ચાંદામામા તો આકાશે રમતા
બાબા ગાડીમાં ઢીંગલીબેન ફરતાં
મારે પણ બોલવું નથી(૨).....ખાતી નથી૦

Scanned by CamScanner

# ઢીંગલી રૂપાળી

ઢીંગલી કેવી રૂપાળી રૂપાળી,
મારી ઢીંગલી કેવી રૂપાળી.

એને નિતનવાં કપડાં જોઈએ,
એને જરી ભર્યાં ઝબલાં જોઈએ;
એતો ઘાઘરી પહેરે છે ઘેરવાળી ઘેરવાળી...મારી ઢીંગલી૦

એને કાજે મેં હીંચકો બંધાવ્યો,
એને લાલપીળા રંગે રંગાવ્યો;
એક ગાદી બનાવી સુંવાળી સુંવાળી...મારી ઢીંગલી૦

મારી ઢીંગલી મને બહુ ગમે છે,
એતો સદાયે હસતી રહે છે;
નથી જાણી કદી એ રિસાણી રિસાણી...મારી ઢીંગલી૦

Scanned by CamScanner

# ઈયા ઈયા યો

માધાકાકાના ખેતરમાં ઈયા ઈયા યો. (૨)

ખેતરમાં ચરતી'તી બકરી ઈયા ઈયા યો,
આણીકોર બેં બેં, ઓલીકોર બેં બેં
ચારે કોર બેં બેં, ઈયા ઈયા યો...માધાકાકા૦

ખેતરમાં ચણતી'તી ચકલી ઈયા ઈયા યો,
આણીકોર ચીં ચીં, ઓલીકોર ચીં ચીં
ચારે કોર ચીં ચીં, ઈયા ઈયા યો...માધાકાકા૦

ખેતરમાં ઉડતો તો કાગડો ઈયા ઈયા યો,
આણીકોર કો કો, ઓલીકોર કો કો
ચારે કોર કો કો, ઈયા ઈયા યો...માધાકાકા૦

Scanned by CamScanner

## નાનકડો સિપાઈ

હું છું નાનકડો સિપાઈ (૨)
ભારત દેશનો સિપાઈ (૨)
આખી દુનિયા ડોલાવું નાની બંદૂકથી(૨)....હું છું૦

ચાહે દુશ્મન આવે લાખ (૨)
બનાવી દઉં હું એની ખાખ (૨)
એના ભુક્કા બોલાવું નાની બંદૂકથી (૨)...હું છું૦

બનીશ મોટો હું સરદાર (૨)
કદી પાછો નહીં પડનાર (૨)
માનું રક્ષણ કરીશ મોટી બંદૂકથી (૨)....હું છું૦

શ્રી રમણભાઈ સોની

Scanned by CamScanner

# કૂચ ગીત

તૈયાર હો, હોંશિયાર હો, લલકાર દો સૌ બાળકો,
ફરવા જવા, રમવા જવા, તૈયાર હો સૌ બાળકો...તૈયાર હો૦

પંખી ઊડે છે ઝાડમાં, ઝરણાં વહે છે પહાડમાં,
પણ આપણે ઊડવા જવું આકાશમાં તૈયાર હો...તૈયાર હો૦

દાદા ફરે છે પોળમાં, બાપા ફરે ભાગોળમાં,
પણ આપણે ફરવા જવું વગડા વને તૈયાર હો...તૈયાર હો૦

ઘોડી ઊભી છે વાટમાં, હોડી નદીના ઘાટમાં,
પણ આપણે તરવા જવું સાગરમાં તૈયાર હો..તૈયાર હો૦

મોટર દોડે રસ્તા ઉપર, ગાડી દોડે પાટા ઉપર,
પણ આપણે ફરવા જવું વિમાનમાં તૈયાર હો..તૈયાર હો૦

Scanned by CamScanner

# દાદા હાલો

હે દાદા! હાલો હુતુતુતુ રમવા,
હે દાદા! હાલો હુતુતુતુ રમવા.

ભાઈને બે'નતો રમે નાનાં નાનાં,
હે દાદા! તમે રમો કેમ નહીં?.....હે દાદા૦

ભાઈને બે'નને નાના નાના દાંત છે,
હે દાદા તમારે દાંત કેમ નહીં?.....હે દાદા૦

ભાઈને બે'નને નાના નાના વાળ છે,
હે દાદા! તમારે ટાલ કેમ થઈ?.....હે દાદા૦

ભાઈને બે'નને નાના નાના પેટ છે,
હે દાદા! તમારે ફાંદ કેમ થઈ?.....હે દાદા૦

શ્રી ઝવેરચંદ મેઘાણી

Scanned by CamScanner

જયપુરના રાજાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની
દાસીની દીકરીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની,
દાસીની દીકરીની બિલાડીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની,
દીકરીની બિલાડીના બચ્ચાની પૂંછડીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની દીકરીની
બિલાડીના બચ્ચાની પૂંછડીના ટોપકાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની
પૂંછડીના ટોપકા ઉપર બેઠેલી માખીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની પૂંછડીના ટોપકા
ઉપર બેઠેલી માખીના ડાબા નસકોરાની વાહ રે વાહ

Scanned by CamScanner

# બગલમાં બાચકું

બગલમાં બાચકુંને, તાલકામાં ટોપલી (૨)
પગમાં જૂનાં જૂતાં પહેરી પંડિત ચાલ્યા જાય છે..બગલમાં૦

મૂળા જેવી મૂછ એની, ગાગર જેવું પેટ છે (૨)
કાચ વિનાના ચશ્મા પહેરી પંડિત ચાલ્યા જાય છે..બગલમાં૦

ટૂંકી ટૂંકી પોતડીને, મેલું મેલું અંગરખું (૨)
ઠચૂક ઠૈયા કરતાં–કરતાં પંડિત ચાલ્યા જાય છે..બગલમાં૦

છીંકણીની ડબ્બી કાઢી, ચપટી ભરતાં જાય છે (૨)
ગટર જેવું નાક એનું છીંકો ખાતાં જાય છે..બગલમાં૦

આંબા ઉપર કેરી દેખી, પંડિત લેવા જાય છે (૨)
ટપ દઈને કેરી તૂટી, ટકો તૂટી જાય છે...બગલમાં૦

આકાશે એરોપ્લેન દેખી, પંડિત જોવા જાય છે (૨)
ચારે બાજુ ફાંફા મારી, ગધેડે અથડાય છે..બગલમાં૦

Scanned by CamScanner

પિપૂડી વાળાનો પેલો તનમનિયો, તનમનિયો,
ચોરી ગયો એ તો કેળાંનો કરંડિયો, કેળાંનો કરંડિયો.
કેળાં ખવાય છે ભાઈ! કેળાં ખવાય છે,
છાલો ફેંકાય છે ભાઈ! છાલો ફેંકાય છે;
ચોરી પકડાય છે ભાઈ! ચોરી પકડાય છે,
મનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે.

પિપૂડી વાળાનો પેલો તનમનિયો, તનમનિયો,
ચોરી ગયો એ તો કેરીનો કરંડિયો, કેરીનો કરંડિયો.
કેરી ખવાય છે, ભાઈ કેરી ખવાય છે,
ગોટલા ફેંકાય છે, ભાઈ ગોટલા ફેંકાય છે;
ચોરી પકડાય છે, ભાઈ ચોરી પકડાય છે,
મનમાંને મનમા તનમનિયો મૂંઝાય છે.

પિપૂડી વાળાનો પેલો તનમનિયો, તનમનિયો,
ચોરી ગયો એ તો બોરાનો કરંડિયો, બોરાનો કરંડિયો.
બોરા ખવાય છે ભાઈ બોરા ખવાય છે,
ઠળિયા ફેંકાય છે, ભાઈ ઠળિયા ફેંકાય છે;
ચોરી પકડાય છે, ભાઈ ચોરી પકડાય છે,
મનમાંને મનમા તનમનિયો મૂંઝાય છે.

Scanned by CamScanner

એક જાડો પાડો લીમડો
જો લંગડી રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ આભે ચમકતાં તારલિયા,
જો પતંગિયાં થઈ આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ વૃંદાવનનો કાનુડો,
જો સાથે રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ પિંજર બેઠો પોપટડો,
જો સીતારામ સીતારામ બોલે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ ડાળે બેઠો મોરલિયો,
જો ટહુકા કરવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ મારા શોકેસની ઢીંગલીઓ,
જો ગરબે રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ આભે ચમકતો ચાંદલિયો,
જો અજવાળું લઈ આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

Scanned by CamScanner

સોનાવરણી સીમ બની મેહુલિયે કીધી મહેર રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
નદિયુંનાં જળ નીતર્યાં, લોકોમાં લીલાં લ્હેર રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
લીલો કંચન બાજરોને ઉજળો દૂધ કપાસ રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
જુવાર લોથે લૂમે ઝૂમે ને હૈયામાં હુલ્લાસ રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
ઉપર ઉજળા આભમાં કુંજડિયુંના કિલ્લોલ રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
લિયો પછેડી-દાતરડાં, આજ સીમ કરે છે સાદ રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
રંગે સંગે કામ કરીએ, થાય મલક આબાદ રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
લીંપી-ગૂંપી ખળા કરો, લાવો ઢગલે ઢગલા ધાન રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !
રળનારો તે માનવી ને દેનારો ભગવાન રે !
ભાઈ ! મોસમ આવી મહેનતની !

- શ્રી નાથાલાલ દવે

Scanned by CamScanner

# વર્ષાની સાત બેનડી

વર્ષાની સાત-સાત બેનડી રે લોલ,
સાતેમાં હેત તો અપાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન વાદળી રે લોલ,
વાદળીની સતત જલધાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન વીજળી રે લોલ,
વીજળીએ સાત-સાત તાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન ચાંદની રે લોલ,
ચાંદની એ ચંદ્રકિરણ હાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન વેલડી રે લોલ,
વેલડીએ ફૂલ મધુર અપાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન ઢેલડી રે લોલ,
ઢેલડીએ પ્રેમ પ્રગટ અપાર જો... વર્ષાની૰

વર્ષાની એક બેન રૂકમણી રે લોલ,
રૂકમણી તો રૂપનો અંબાર જો... વર્ષાની૰

Scanned by CamScanner

હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં,
પ્રેમસાગર પરભુજીના દેશમાં. — હાં રે૦

મધુર મધુર પવન વાય,
નદી ગીતો કૈં ગાય,
હસી હોડી વહી જાય,
મારા માલિક રાજાજીના દેશમાં. — હાં રે૦

સાત દરિયા વીંધીને વ્હાણ હાલશે,
નાગ-કન્યાના મ્હેલ રૂડા આવશે,
એની આંખોમાં મોતી ઝરતાં હશે,
હાં રે દોસ્ત! હાલો મોતીડાંના દેશમાં. — હાં રે૦

સાત વાદળ વીંધીને વ્હાણ લઈ જશું,
ત્રીશ કોટિ તારાની સાથ ખેલશું,
ચંદ્ર સૂરજ ખીસામાં ચાર મેલશું,
હાં રે દોસ્ત! હાલો ચાંદરડાંના દેશમાં. — હાં રે૦

સમી સાંજે દાદાને દેશ પ્હોંચશું,
એના પાંખાળા ઘોડા ખેલાવશું,
પછી પરીઓને ખોળે પોઢી જશું,
હાં રે દોસ્ત! હાલો એ પરીઓના દેશમાં. — હાં રે૦

Scanned by CamScanner

દરિયાના બેટમાં રે'તી
પ્રભુજીનું નામ લેતી
હું દરિયાની માછલી!

હાં રે મને બારણે કાઢવી નો'તી
હું દરિયાની માછલી!

જળની સાથે અમારે જનમ કેરી પ્રીતડી,
મરજો પ્રીત્યોના તોડનારા,
હું દરિયાની માછલી. — દરિયાના૦

દરિયાનાં નીર મને પાતાળે ગોતશે,
આભ લગી મારશે ઉછાળા,
હું દરિયાની માછલી. — દરિયાના૦

તારલાનાં તેજ ઊગી ઊગી આથમશે,
ચંદ્ર કેને પાશે અજવાળાં,
હું દરિયાની માછલી. — દરિયાના૦

છીપલીની છાતીએથી કોણ હવે ઝીલશે
મોં ઉઘાડી મોતીડાં રૂપાળાં,
હું દરિયાની માછલી. — દરિયાના૦

દરિયાના દેશથી વિછોડી
દુનિયાસું શીદ જોડી!
હું દરિયાની માછલી.

Scanned by CamScanner

हम हाथी को गिनती सिखायेगे

हम हाथी को गिनती सिखायेगे

बोल रे हाथी एक तुजे मिलेगी केक

थोडी तुम खाओगे थोडी हम खायेगे

बोल रे हाथी दो तुजे मिलेगा ढोक

थोडा तुम बजाओगे थोडा हम बजायेगे

बोल रे हाथी तीन, तुजे मिलेगी बीन

थोडी तुम बजाओगे, थोडी हम बजायेगे

बोल रे हाथी चार, तुजे मिलेगी कार

थोडी तुम चलाओगे, थोडी हम चलायेगे

बोल रे हाथी पांच, चल जरा सा नाच

थोडा तुम नोचोगे, थोडा हम नाचेंगे

Scanned by CamScanner

હતો હું સૂતો પારણે પુત્ર નાનો;
રડું છેક તો રાખતું કોણ છાનો?
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે.
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે.
મારા સુખ માટે કદુ કોણ ખાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઈ છાતી સાથે બચી કોણ લેતું?
તજી તાજું ખાજું મને કોણ દેતું?
મને કોણ મુખે મીઠાં ગીત ગાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

પડું કે ચડું તો ખમા આણી વાણી,
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી.
પછી કોણ પોતાતણું દૂધ પાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.

Scanned by CamScanner

ચકલી તે ચાંચ મહીં લાવી તણખલું,
નીડ એને બાંધવા દઈશ.

કાગડોય લાવ્યો છે પૂરીનું બટકું,
નિરાંતે ખાવા હું દઈશ.

નાની આ બાલદી, પાણી ભરેલ છે,
કાબરને ના'વા હું દઈશ.

પેલી અટારીએ બેસે જો પોપટો,
મીઠું-મીઠું બોલવાનું કહીશ.

ગાદલું પડ્યું છે આ મ્હોળા પલંગમાં,
બિલ્લીને પોઢવા હું દઈશ.

મારી સંગાથ પેલા ડાઘિયાને તેડીને,
બાગ મહીં ફરવાને જઈશ.

મારા જો આંગણામાં ગાવલડી આવશે,
મમ્મીની લાડુડી દઈશ.

કોઈ રે મદારી જો રીંછ લઈ આવશે,
પપ્પાની પાવલી હું દઈશ.

Scanned by CamScanner

મારો ચગે રે પતંગ, કેવો સર સર સર !
વાયો આકાશી વાયરો ફર ફર ફર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

બાએ બનાવી છે તાજી તલસાંકળી !
તડકે રંગાઈ છે અગાશી કેવી ફાંકડી !
ટાઢ ધ્રુજે આઘે ઊભી થર થર થર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

માંજે પાયેલો દોર કેવો ધારદાર છે !
કુદ્દીએ રાખ્યો રંગ, કાપ્યો કીલેદાર છે !
બોલે ચિનાઈ કાગળ કેવો ચર ચર ચર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

લંગીસ લડાવી મેં તો લૂંટ્યા દસબાર છે !
વાંસડો વીંઝ્યો કે બસ આપણા પોબાર છે !
નહીં બંદાને કોઈનોય ડર ડર ડર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

આભ ને અગાશી કેવાં બન્યાં એકાકાર છે !
ફીરકીનો દોર જાણે વીજળીનો તાર છે !
હું તો રણકાવું ટેલિફોન ટર ટર ટર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

દિનભર લૂંટાવ્યો અમે આનંદ અપાર છે !
ફાનસ ચગાવું, રાત પડે એની વાર છે !
પેલી તારલાની ટોળી હસે ખડ ખડ ખડ !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

Scanned by CamScanner

# बेटी हूँ मैं बेटी

बेटी हूँ मैं बेटी मैं तारा बनूँगी
तारा बनूँगी, मैं सहारा बनूँगी
बेटी हूँ मैं बेटी मैं तारा बनूँगी।

गगन पर चमके चँदा मैं धरती पर चमकूँगी
धरतीपर चमकूँगी, मैं उजियारा करूँगी
बेटी हूँ मैं बेटी मैं तारा बनूँगी...

पढूँगी लिखूँगी मैं मेहनत भी करूँगी
अपने पाँव चलकर दुनिया को देखूँगी
दुनिया को देखूँगी, मैं दुनिया को समझूँगी
बेटी हूँ मैं बेटी मैं तारा बनूँगी...

फूल जैसी सुंदर, बागों में खेलूँगी
तितली बनूँगी मैं हवा को चूमूँगी
हवा को चूमूँगी मैं नाचूंगी गाऊँगी
बेटी हूँ मैं बेटी मैं तारा बनूँगी...
तारा बनूँगी, मैं सहारा बनूँगी...

Scanned by CamScanner

ફૂલડાં લ્યો કોઈ ફૂલડાં લ્યો,
આવી છું માલણ ફૂલવાળી.

વહેલી સવારે ફૂલડાં ચૂંટેલા
જૂઈની વેણીને ગજરા ગૂંથેલા
સોનેરી સોનકળી રૂપાળી......... આવી છું૦

કેસરી ગોટાને ડોલરનો હાર છે,
ચંપાના ફૂલની જાતો બે ચાર છે;
મોગરાની કળીઓ સુંવાળી....... આવી છું૦

સુગંધી ફૂલોની છાબડી ભરેલી,
ઝીણી બકુલમાં સુગંધ ભરેલી;
બાલુડા લઈ લ્યો ફૂલ ભારી....... આવી છું૦

ગુલાબ લાવી છું ફૂલનો રાજા;
લાલ ને પીળાં છે જોઈ લ્યો તાજાં;
ભરી લ્યો ફૂલની રંગથાળી....... આવી છું૦

Scanned by CamScanner

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

માડીને પેટ પડી ચસ! ચસ! ધાવે
વેલે ચોંટ્યાં જેમ તૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જાણે લટૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

રાતાં માતાં ને રોમે રોમે સુંવાળાં,
હોય મીઠાં ગાલ-મસૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

બાને વા'લાં છે જેમ વીરો ને બેની,
કાળવીને વા'લાં કુરકુરિયાં જી રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

મોટાં થાશે ને મારી શેરી સાચવશે,
જાગશે રાતે બહાદુરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

ટીપુડો ટીપુડો ડુંગરડે ઘૂમશે,
ગોધન ભેળા વોળાવિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

મોતિયો ને માનિયો ઝોકે રોકાશે,
વાછરુ ને પાડરુ ભળાવિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

ડાઘિયો ડૂઘિયો ખેતરમાં જાશે
વાસુ રે'શે બે રખોલિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

કાળિયો ને લાળિયો પાદર પસાયતા
બાઉ! બાઉ! આલબેલ બોલિયા રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

ગોળ-ઘી-લોટના શેરા બનાવ્યા
કાળવીનાં પેટડાં પૂરિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

પેટ ભરીને માડી બાળક ધવરાવે
ધાવીને પોઢે ટીપૂડિયાં રે
હાલો ગલૂડાં રમાડવા જી રે!

વડલા ડાળે વાંદરા ટોળી કરતી હૂપાહૂપ,
છાંનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ. ....વડલા ડાળે૦

એક મોટો ડાઘિયો વાનર, વાંદરાનો સરદાર,
એની પાછળ નાનાં મોટાં વાંદરા છે દસબાર;
છાપરાં કૂદે, કૂદે અગાશી, એવા એ બહાદૂર. ..વડલા ડાળે૦

લીમડા કેરી ખાય લીંબોળી, વડના ખાયે ટેટા,
કેરી કેરી ખાઈ ખાઈને ગોટલા નાખે હેઠા;
ઠેંકડા મારે, ખાય ગુંલાટો, કરતાં ઝૂટં ઝૂટ. ....વડલા ડાળે૦

એક વાંદરો જૂ વીણીને ઝટપટ મોંમાં નાખે,
મમ્મીની જેમ વહાલ કરે ને છાતીએ ચાંપી રાખે,
માણસ જેવું રૂપ છે એનું કેવું આબેહૂબ. ....વડલા ડાળે૦

Scanned by CamScanner

ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ,
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઈએ...

મેળામાં જઈ શું શું કરશું ?
ચકડોળે બેસીને ફરશું; હાથી ઘોડે બેસી રમશું,
ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ, ....ચાલો જોવા૦

મેળામાં જઈ શું શું ખાઈશું ?
તીખી તીખી ભેળ ખાઈશું, ઠંડો ઠંડો આઈસક્રીમ ખાઈશું.
ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ, ....ચાલો જોવા૦

મેળામાં જઈ શું શું લઈશું ?
બહેન માટે બંગડી લઈશું; ભઈલાં માટે ઘૂઘરો લઈશું.
ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ......ચાલો જોવા૦

મમ્મી માટે શું શું લઈશું ?
મમ્મી માટે માળા લઈશું ? પ્પપા માટે પાકીટ લઈશું.
ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ, ....ચાલો જોવા૦

દાદા માટે શું શું લઈશું ?
દાદા માટે લાકડી લઈશું. દાદી માટે ચશ્મા લઈશું.
ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ, ....ચાલો જોવા૦

Scanned by CamScanner

# તારલાની જોડી

ઝગમગતાં તારલાની જોડી, આકાશે કોણે ચોડી,
ઓ બા મને કહેજે ને વાત એની થોડી ............ ...ઝગમગતાં

પચરંગી ફૂલ પેલાં કોણે તે રંગિયાં,
છૂપી છૂપી વાતો શું કરતાં પતંગિયાં,
હો..પેલા ભમરા ગુંજે છે દોડી - દોડી
જો પ્રીત કેવી રૂડી હો બા મને કહેજે ને વાત એની થોડી...ઝગમગતાં

ઘૂઘવતા સાગરમાં નીર ક્યાંથી આવ્યાં,
મોટા - મોટા મગર-મચ્છ ઉરમાં સમાવ્યાં.
હો.. પેલી નદીઓ ક્યાં જાય દોડી-દોડી;
પર્વતને છોડી હો બા મને કહેજે ને વાત એની થોડી ...ઝગમગતાં

કાળી કાળી વાદળી ક્યાં જાતી સોહામણી
આકાશે ઉડતી શું માલતી મહેરામણી
હો પેલી ચમકંતી વીજળી છે રૂડી
જો વીજ કોણે તોડી હો બા મને કહેજે ને વાત એની થોડી.ઝગમગતાં

લીલાંછમ વૃક્ષોને ઊંચા ઊંચા ડુંગરા
વન-ઉપવન વળી, પર્વત ને કંદરા,
હો... પેલાં પંખી શું ગાયે દોડી દોડી
કુદરત કેવી રૂડી હો બા મને કહેજે ને વાત એની થોડી ...ઝગમગતાં

Scanned by CamScanner

કોયલ કૂ કૂ ગાય મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરું ત્યાં પપ્પા મારા ખિજાય. ..કોયલ કૂ કૂ૦

ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય,
ખાવાનો આ સમય નથી કહી મમ્મી મારી ખિજાય..કોયલ કૂ કૂ૦

ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન થાય,
ઊંચા હાથ કરી ઊડું ત્યાં નીચે પડી જવાય ...કોયલ કૂ કૂ૦

પથારી એ સૂતા મને કંઈ કંઈ વિચાર થાય,
વિચારે હું ચડી જાઉં ત્યાં સપને સરી જવાય. ...કોયલ કૂ કૂ૦

મારી ઈચ્છા પૂરી થાય ! મને ગમતું બધું જ થાય !
ગાવાનું હું શરૂ કરું ત્યાં સૌ કોઈ રાજી થાય !

- શ્રી ચંપકભાઈ ટી. સોની

Scanned by CamScanner